
# ભગવાન એકલિંગ ગૌરવ



'એકલિંગ' શિવનું નામ છે. મેવાડમાં ઉદયપુર થી ૨૦ કિ.મી. દૂર શ્રીનાથજી જવાના રસ્તે ત્રિકૂટ પર્વતની તળેટીમાં કૈલાસપુરી સ્થળે ભગવાન શિવનું મંદિર શ્રી એકલિંગજીના નામે પ્રસિદ્ધ તીર્થધામ છે. હારીત ઋષિની તપસ્યાથી 'એકલિંગ' પ્રભુ મેવાડના કૈલાસપુરી ધામમાં બિરાજમાન છે. સદીઓ પહેલાં ઘોર જંગલ હતું ત્યાં અરવલ્લીના ડુંગરોની હારમળા આજે પણ દેખાય છે. પરાશર વન તરીકે જાણીતા આ જંગલમાં શંખાકાર જેવા ત્રણ પર્વતો (ત્રિકૂટ) વચ્ચે જ્યારે ગાઢ જંગલ હતું, ત્યારે હારીન ઋષિએ તપસ્યા કરીને ભગવાન શ્રી એકલિંગને પ્રસન્ન કર્યા હતા. ''એકલિંગ'' શબ્દ સાથે માનપૂર્વક ''જી'' લગાવવામાં આવે છે. જેથી 'એકલિંગજી' તરીકે સંબોધાય છે. મેવાડના રાજા શ્રી એકલિંગજી માનવામાં આવે છે. અને ગુહિલ વંશના રાજાઓ પોતાને શ્રી એકલિંગજીના દીવાન કહે છે. વિશ્વના ઈતિહાસમાં આ પ્રથમ ઉદાહરણ હશે જ્યાં ઈશ્વરને રાજા માનવામાં આવે છે. મેવાડના મહારાણા પોતાને ''એકલિંગજી''ના દીવાન માને છે. અને હૃદયપૂર્વક સેવા કરે છે.

''એકલિંગ'' સિધ્ધલિંગ છે. જ્યાં હારીત ઋષિએ તપસ્યા કરીને સિધ્ધિ મેળવી હતી. પાશુપત સંપ્રદાય પ્રમાણે ''શ્રી એકલિંગજી''ની પૂજા-વિધિ ૮ મી સદીથી થતી આવેલી અને લકુલીશ (નકુલિશ) સંપ્રદાય પ્રમાણે યોગ અને મોથીના સિધ્ધાંતો પ્રમાણે ગુરુ શિષ્યોને ઉપદેશ આપતા આવેલાં છે. હારીત ઋષિના આશીર્વાદથી બાપા રાવલ પર ''એકલિંગજી''ની કૃપા થઈ અને ચિત્તોડગઢ તેઓએ જીતી લીધું, અને ત્યારબાદ પ્રગતિ શરૂ થઈ અને મેવાડનું રાજ્ય બાપા રાવલના હાથમાં રહ્યું. ત્યારબાદ ગુહિલ વંશના રાજપૂતોએ આ પ્રથા જાળવી રાખી.

''એકલિંગ'' ના દર્શન માત્રથી મોક્ષ પ્રાપ્ત થાય છે. તીર્થોમા ઉત્તીમ તીર્થ મેવાડમાં આવેલ પ્રસિદ્ધ શ્રી એકલિંગજીનું મંદિર છે. ''એકલિંગ'' મહાદેવની પૂજા-પદ્ધતિ વિશિષ્ટ છે. શિવ પંચવક હોઈ પૂજા વિશેષ રીતે થાય છે. જેનો પ્રત્યક્ષ લાભ લેવો જોઈએ. મેવાડના મહારાણાનું આ નિજી મંદિર છે. અને પૂજા વ્યવસ્થા સદીઓથી હારીત ઋષિના સમયથી અને ત્યારબાદ મહાધીશો તરફથી વેદાકેત શાસ્ત્રોક્ત અને તાંત્રિક રીતે થતી આવેલી છે. જેમાં શિવરહસ્ય પૂજા પદ્ધતિમાં જણાય છે.

''એકલિંગ'' એટલે એક જ લિંગ - એક જ શિવ - પરબ્રહ્મ - એક જ રુદ્ર - સ રુદ્રઃ સ મહાદેવ । -રુદ્ર-પરમેશ્વરઃ। એકોહિ સુયોન દ્વિતીયાય તસ્દુ. શાસ્ત્રોમાં ઉલ્લેખ પ્રમાણે ભગવાન શિવની ઉપાસના કરવાથી કલ્યાણ અને મોક્ષ પ્રાપ્ત થાય છે. શિવ કલ્યાણકારી છે. તેમજ ભક્તો પર જલ્દીથી પ્રસન્ન થઈ જનારા દેવ છે.

"એકલિંગજી"ના મંદિરો ગુજરાત રાજ્ય તેમજ અન્ય રાજ્યોમાં જોવા મળે છે.

(૧) મેવાડના બ્રાહ્મણોએ મેવાડ છોડ્યુ ત્યારબાદ ૧૩મી સદીમાં નારસોલી મુકામે એકલિંગજીનું મંદિર બાંધવામાં આવેલું. ગુજરાતમાં મેવાડા બ્રાહ્મણોની વસ્તી લગભગ તમામ જીલ્લાઓમાં જોવા મળે છે. ભટ્ટ મેવાડા ત્રિવેદી મેવાડા અને ચોર્યાસી મેવાડા બ્રાહ્મણોની વસ્તી ગુજરાત, સૌરાષ્ટ્ર, મુંબઈ તેમજ રાજસ્થાનમાં છે.

**મંદિરોની માહિતી :-**

(૧) અમદાવાદમાં કોકડિયાની પોળ

(૨) અમદાવાદમાં સીટીએમ ચાર રસ્તાથી રામોલ જતા રસ્તા ઉપર સિંધવાઈ માતાના મંદિર પાસે સિદ્ધેશ્વર એકલિંગજી મંદિર છે.

(૩) રાયપુર પાસે કામનાથ મહાદેવના ટાવર સામે મકાનના ભોયરામાં મંદિર છે.

(૪) ડાકોરમાં કંકુ દરવાજાની બહાર પંચમુખી મહાદેવ (એકલિંગજી) નું મંદિર છે.

(૫) ડાકોરની બહાર નીકળતા અમદાવાદ જવાના રોડ ઉપર "એકલિંગજી મહાદેવ વિસામો" આ સ્થળે મંદિર છે.

(૬) પંચમહાલ જીલ્લાના કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં પ્રાચીન મંદિર છે.

(૭) ઉઢેલા જીલ્લો ખેડામાં એક પ્રાચીન મંદિર છે, જે ચતુર્મુખ છે જેની પ્રાણપ્રતિષ્ઠા ૧૯૪૪ માં કરવામાં આવી હતી.

(૮) નડિયાદમાં સાત બજાર વિસ્તારમાં શ્રી વડીમાતા મંદિરની બાજુમાં મંદિર આવેલું છે.

(૯) હિંમતનગરમાં હાથમતી નદીના કિનારે

(૧૦) લુણાવાડા ગામમાં ઘાટી વિસ્તારમાં "શ્રી એકલિંગજી મહાદેવનો" મંદિર આવેલ છે.

(૧૧) મોડાસા હાઈવે ઉપર દેગડા ગામ - મહી નદીના કિનારે મંદિર આવેલ છે.

(૧૨) લુણાવાડા તાલુકામાં વાંકા તથા રંગેલીમાં મંદિર આવેલ છે.

(૧૩) બાકોર થી ખરેડીમાં મંદિર છે.

(૧૪) સુરત મહીધરપુરા વાણિયા શેરીમાં મંદિર આવેલ છે.

(૧૫) અમદાવાદ સારંગપુર કોકડીયાની પોળ થી આગળ જતા દોલતખાના વિસ્તારમાં શ્રી મેવાડા સુથાર સમાજની વાડીમાં "એકલિંગજી"નું મંદિર આવેલ છે.

(૧૬) ગાંધી રોડ ઈલેકટ્રીક બજારમાં મુખ્ય રસ્તા ઉપર "એકલિંગજી"નું મંદિર આવેલ છે.

(૧૭) કડાણા સંતરામપુર મુકામે ભવ્ય મંદિર આવેલું છે.

(૧૮) શ્રી ભાગવત વિદ્યાપીઠ - સોલા સ્થળે મંદિરમાં એકલિંગજીની સ્થાપના થયેલ છે.

(૧૯) થલતેજ વિસ્તાર ગુલાબ ટાવર પાસે બાંકેબિહારી મંદિરના પરિસરમાં એકલિંગજી મંદિર આવેલું છે.

(૨૦) ડુંગરપુરમાં ગેલ તલાવ પાસે "એકલિંગજી"ની મંદિરની સ્થાપના થયેલ છે.

(૨૧) ઉદયપુર ગામે - આલોડમાં એકલિંગજીનું મંદિર છે.

(૨૨) રાજસ્થાનમાં હલદી ઘાટી વિસ્તારમાં શ્રી મહારાણા પ્રતાપના મ્યુઝીયમ સ્થળે ભગવાન "શ્રી એકલિંગજી"નું મંદિર બનાવવામાં આવેલું છે.

(૨૩) ચિત્તોડ થી આગળ એકલિંગપુરામાં એકલિંગજીનું મંદિર આવેલ છે.

(૨૪) ચાણોદ ગામ જતા બ્રાહ્મણોની વાડી પાસે અંબાજી મંદિર પાસે જુનું એકલિંગજીનું મંદિર છે.

(૨૫) કપલેશ્વર - કપીલેશ્વર મહાદેવથી ઉત્તર તરફ ઘાટના પગથિયા ઉતરતા એક નાનું મંદિર છે.

ઉપરની માહિતી "ભગવાન શ્રી એકલિંગ ગૌરવ" - નયનેશ ઠાકોરની બુક ઉપરથી લીધેલ છે.

# "માઁ કાત્યાની"

માઁ નું નામ કાત્યાયની કેવી રીતે પડ્યું તે એક ક્યાં છે. કત નામના એક પ્રસિધ્ધ મહર્ષિ હતા, તેના પુત્ર ઋષિ કાત્ય થયા એજ કાત્યના ગોત્રમાં વિશ્વ પ્રસિધ્ધ મહર્ષિ કાત્યાયન થયા હતા, તેમણે ભગવતી પરામ્બાની ઉપાસના કરતા હતા. બહુ વર્ષો સુધી કઠીન તપસ્યા કરી હતી તેમની ઈચ્છા હતી કે માઁ ભગવતી તેમને ઘરે પુત્રી રૂપે જન્મ લે. માઁ ભગવતીએ તેમની તે પ્રાર્થનાનો સ્વીકાર કર્યો.

॥ યા દેવી સર્વભૂતેષુ માઁ કાત્યાયની રુપેણ સંસ્થિતા।
નમસ્તસ્યૈ નમસ્તત્યૈ નમો નમઃ ॥

માઁ કાત્યાયની માઁ દુર્ગાના છઠ્ઠા સ્વરૂપ છે. નવરાત્રીના છઠ્ઠા દિવસે આદ્યશક્તિ માઁ દુર્ગાની છઠ્ઠમ રુપ અને અસુરો તથા દુષ્ટોનો નાશ કરવાવાળી ભગવતીની પૂજા કરવામાં આવે છે.

માર્કંડયે પુરાણને અનુસાર જ્યારે રાથીસરાજ મહિષાસુર નો અત્યાચાર વધી ગયો. ત્યારે દેવતાઓના કાર્યને સિધ્ધ કરવા દેવી માઁ ને મહર્ષિ કાત્યાયનની તપસ્યાથી પ્રસન્ન થઈને તેમના ઘરે પુત્રીરૂપે જન્મ લીધો.



શાસ્ત્રોને આધારે દેવીએ કાત્યાયન ઋષિને ઘરે તેમની પુત્રીના રૂપે જન્મ લીધો. તેણે કારણે તેમનું નામ કાત્યાયની પડ્યું. નવરાત્રીના છઠ્ઠે દિવસે દેવીની પુરા શ્રધ્ધાથી પૂજા કરવામાં આવે છે. દિવ્યરૂપ કાત્યાયની દેવીનું શરીર સોના જેવું ચમકીલું છે. ચાર ભૂજાધારી માઁ કાત્યાયની સિંહ ઉપર સવાર છે પોતાના એક હાથમાં તલવાર અને બીજા હાથમાં પ્રિય કમળનું પુષ્પ રાખેલ છે. બીજા અને ત્રીજા હાથોમાં અનુક્રમે અભયમુદ્રા અને વરમુદ્રા છે. એમનું વાહન સિંહ છે. માઁ કાત્યાયની અમોધ ફળદાયીની મનાય છે. શિક્ષા ક્ષેત્રમાં પ્રયાસ કરતાં ભક્તોએ માતાની અવશ્ય ઉપાસના કરવી જોઈએ. માન્યતા છે કે જો કોઈ વ્યક્તિ નવરાત્રીના છઠ્ઠા દિવસે શ્રધ્ધાપૂર્વક કાત્યાયની માતાની પૂજા અરાધના કરે છે તેને આજ્ઞાચક્રની પ્રાપ્તિ થાય છે.

"યા દેવી સર્વભૂતેષુ માઁ કાત્યાયની રુપેણ સંસ્થિતા ॥
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ" નમો નમઃ ॥